શ્રી આર.એમ.કલોત્રા, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત સમક્ષ.

રેફરન્સ (ટી) અરજી નં. ૬૯૪/૨૦૧૦

પ્રથમ પક્ષકાર : કમિશ્નરશ્રી,
સુરત મહાનગરપાલિકા
મુગલીસરા–સુરત.

વિરૂધ્ધ

બીજા પક્ષકાર : શ્રી રવિભાઈ પ્રકાશભાઈ ગોહીલ,
રહે. પ્લોટ નં. બી/૨૦, ખોડીયારનગર,
અડાજણ,સુરત.

પ્રતિનિધિત્વ: પ્રથમ પક્ષકાર તરફે : વિ.વકીલશ્રી હર્ષદભાઈ પંડયા,
બીજા પક્ષકાર તરફે : વિ.વકીલશ્રી વિજય શેણમારે

:: એવોર્ડ ::

મદદનીશ શ્રમ આયુકત કચેરી સુરત ઘ્વારા ઉપરના પક્ષકારો વચ્ચેની તકરાર અત્રેની મજુર અદાલતને નાયબ શ્રમ આયુકતની કચેરીના તા.૧૪/૧૦/૨૦૧૦ના હુકમ નંબર: કેએચ/ એસએચએમસી/ એજે/આઈડીઆર/૪૯૧/ ૨૦૧૦ થી સોંપવામાં આવેલ છે.

૨. નાયબ શ્રમ આયુકતની કચેરી સુરત ઘ્વારા અત્રેની મજૂર અદાલતને સોંપવામાં આવેલ તકરાર નીચે મુજબ છે.

'' શ્રી રવિભાઈ પ્રકાશભાઈ ગોહીલને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?''

૩. આ કામના બીજા પક્ષકાર કામદારે આંક–૪થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં હકીકત જોઈતો,બીજા પક્ષકાર કામદારનું કથન એવું છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થા સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોનના અડાજણ પમ્પીંગમાં છેલ્લા ૨ વર્ષથી ખંત અને વફાદારીપૂર્વક ફરજ બજાવતા આવેલા છે. તેમને પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી મીનીમમ વેજીસના કાયદા મુજબ પગારની ચૂકવણી કરવામાં આવતી હતી. બીજા પક્ષકારની હાજરી પત્રકમાં રોજે રોજ હાજરી પુરવામાં આવતી હતી અને સંસ્થા તરફથી હાજરીપત્રક અને પગાર પત્રક બનાવવામાં આવતા હતા. પરંતુ સરકારશ્રીના મીનીમમ વેજીસ એકટ મુજબ પ્રથમ પક્ષકાર તરફથી બીજા પક્ષકારને હાજરી કાર્ડ, પગાર સ્લીપ અને ઓળખ કાર્ડ આપવામાં આવતા ન હતા. અને સીનીયોરીટી લીસ્ટ બનાવતા નથી. આમ પ્રથમ પક્ષકાર સંસ્થા મજુર કાયદાઓનો ખુલ્લેઆમ ભંગ કરતી હતી. પ્રથમ પક્ષકાર સંસ્થામાં મ્યુનિ. કમિશ્નરશ્રી ધ્વારા બીપીએમસી એકટની કલમ–પ૬(૩) ના અધિકારની રૂઈએ રોજીંદા બેલદારોની પોષ્ટ ઉભી કરીને તમામા ઝોનોમાં રોજીંદા બેલદારો ફાળવવામાં આવે છે. અને આ પ્રકારના કચેરી હુકમો મુજબ બીજા પક્ષકાર જેવા રોજીંદા બેલદારોને નોકરીમાં રાખવામાં આવતા હતા અને આજે પણ તે મુજબની પ્રથા ચાલુ છે. આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા. ૨૪/૦૪/૨૦૦૩ ના રોજ પરિપત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૩ બહાર પાડેલ જેમાં જુના કામદારોને ફરીથી રોકવા નહિં તેવું જણાવેલ. આ પરિપત્ર અનફેર લેબર

પ્રેકટીશવાળો,અન્યાયી અને ગેરકાયદેસર છે. વરસોથી ફરજ બજાવતા જુના કામદારોની જગ્યાએ આ પરિપત્ર ધ્વારા દર વરસે નવા કામદારોને નોકરીએ રાખવા તે કાયદા વિરુધ્ધનું છે. બીજા પક્ષકાર કામદારને કોઈપણ જાતના વાંક ગન્હા વગર કારણદર્શક નોટીસ આપ્યા વગર તથા નોકરીમાંથી છૂટા કરતા પહેલા કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ બચાવ કે રજુઆત કરવાની તક આપ્યા વગર તા.૧૬/૦૬/૨૦૧૦ના રોજથી નોકરીમાંથી છૂટા કરી દીધેલ છે.બીજા પક્ષકાર જુના કામદાર હોવા છતાં નોકરીમાંથી એકાએક ગેરકાયદે છૂટા કરી દઈ તેમની જગ્યાએ નવા કામદારની ભરતી કરી છે. તે પણ અનફેર લેબર પ્રેકટીસવાળુ, અન્યાયી, ગેરકાયદે અને આઈ.ડી.એકટની જોગવાઈઓ વિરૂધ્ધનું છે. આઈ. ડી. એકટની કલમ–૨૫(એચ) મુજબ જુના કામદારોને રીએપ્લોયમેન્ટનો જે કાયદેસરનો અધિકાર છે તેનો પણ સંસ્થાએ ભંગ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં મંજુર થયેલી ૩૨૧૪ જગ્યાઓ ભરતા નથી અને બીજા પક્ષકાર રોજીંદા બેલદારનો ભવિષ્યમાં નોકરીમાં કાયમી થવાના હકક અને અધિકાર ઉપર તરાપ મારવા તથા વંચિત રાખવા માટે ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. નોકરીમાંથી છૂટા કરતી વખતે કાયદા મુજબ સંસ્થા તરફથી કોઈ નોટીસ આપી નથી કે છટણી વળતર પણ ચૂકવેલ નથી. આમ પ્રથમ પક્ષકાર સંસ્થા સુરત મહાનગરપાલિકાએ બીજા પક્ષકાર કામદારને તા.૧૬/૦૬/૨૦૧૦ થી કોઈપણ જાતના વાંક ગુન્હા વગર લેખિત નોટીસ આપ્યા વગર, છટણી વળતરના નાણાં ચૂકવ્યાવગર, બચાવ કરવાની તક આપ્યા વગર તથા કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ

કરીને તથા આઈ.ડી.એકટની ૧૯૪૭ની કલમ ૨૫ એફની જોગવાઈઓનો ભંગ કરીને ગેરકાયદે અને અન્યાયી રીતે નોકરીમાંથી છૂટા કરી દીધા છે તેવું જાહેર કરી બીજા પક્ષકાર કામદારને પડેલા દિવસોના પગાર સાથે સળંગ નોકરી ગણી મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા અરજ કરેલ છે.

૪. સદર કામે બીજા પક્ષકારનાં માંગણાનાં નિવેદન વિરુધ્ધ લેખિત જવાબ રજુ કરવા પ્રથમ પક્ષકાર સંસ્થાને નોટીસ બજાવવામાં આવેલ છે. સંસ્થા તરફે આંક–૬ થી તેમનો જવાબ રજુ કરેલ છે.તેમાં તેઓએ બીજા પક્ષકારના માંગણાના નિવેદનની તમામ હકિકતોનો ઈન્કારી કરી ખરી હકિકતમાં જણાવે છે કે, બીજા પક્ષકાર પ્રથમા પક્ષકાર સંસ્થામાં તદ્દન હંગામી ધોરણે ખંડ સમય/રોજીંદા દરના કર્મચારી તરીકે માત્ર રૂતુગત અને આકસ્મીક પ્રકારની કામની જરૂરીયાત અનુસાર જરૂરી જણાય તેવી કામગીરી માટે તદ્દન છૂટક ધોરણે અને દૈનિક વેતનથી રાખેલા હોય તેમને પુન:સ્થાપિત કરવાનો કે કાયમી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આવી કામગીરી પૂર્ણ થવાથી તેઓને ફરજમુકત કરવામાં આવેલ અને બીજા પક્ષકારે ૨૪૦ દિવસ નોકરી કરી નથી જેથી બીજા પક્ષકારને હાજરી કાર્ડ,પગાર સ્લીપ,ઓળખકાર્ડ આપવાનો કે મજૂર કાયદાઓનો ભંગ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુંમા જણાછે કે, શ્રમ આયુકત ગુજરાત રાજય, ગાંધીનગર તરફથી પત્ર કંમાંક: શ્રઆ–૫–૨ આઈડીઆર/૮૭/૦૮/૧૭૩, તા. ૨૮/૦૧/'૧૦ના રોજના પરિપત્રથી એવું સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે શોર્ટટર્મ બેઈઝથી રખાયેલ કર્મચારીઓને મુદ્દત પૂર્ણ થયે તુર્ત

છુટા કરવાની જોગવાઈ છે. સદરહું બાબત સંસ્થાના વહીટી ક્ષેત્રાધિકારની બાબત હોય સદર માંગણી ન્યાયનિર્ણય માટે સુપ્રત કરવાનું વ્યાજબી જણાતું નથી. પ્રથમ પક્ષકાર ધ્વારા વખતોવખત મંજુર થયેલી જગ્યાઓ ભરતી નિયમો હેઠળ ભરતી કરવામાં આવેલ છે. બીજા પક્ષકારે તેવી ભરતી સમયે ભરતી નિયમોની જોગવાઈઓ હેઠળ અરજી કરેલાનું કે પાત્રતા ધરાવતા હોવાનું પુરવાર કરવાનુ તેમના શીરે છે. ભરતીની પ્રક્રિયા બાબતે બીજા પક્ષકાર કોઈ તકરાર કરી શકે નહિં. દરેક સંસ્થાને પોતાની સંસ્થાની કામગીરી માટે કેટલા અને કયા પ્રકારના કામદાર રાખવા તે નકકી કરવાનો બંધારણીય હકક છે.અને સ્ટેન્ડીંગ ઓર્ડરમાં પણ કામદારોનું વર્ગીકરણ જોતાં વર્ગ–૪/ હંગામી/ રોજીંદા/ અર્ધકુશળ /કુશળ વિગેરે કામદારો રાખી શકાય અને તે પ્રમાણે શ્રમયોગીને ચોકકસ સમયગાળાની કામગીરી માટેરાખવામાં આવેલ જેની મુદૃત પુરી થતા તેઓને કામગીરી આપવાનું બંધ કરવામાં આવેલ છે.આઈ.ડી. એકટની કલમ–૨(ઓઓ) તથા ૨ (બીબી) કે જે રીટ્રન્ચમેન્ટની વ્યાખ્યા આપેલ છે તેનો અર્થ એ થાય કે, કામ ન હોય તો કામદારને છુટા કરવા તેમ છતાં કલમ–૨(બીબી)જોતા તે જો કર્મચારીપાસે તેના વર્ગીકરણ પ્રમાણે ચોકકસ સમયગાળા માટે કામગીરી લેવામાં આવતી હોય તે કોન્ટ્રાકટચ્યુઅલ કામગીરી ગણાય. એટલે કે કામદારનો વધુ સમયનો કોન્ટ્રાકટ રીન્યુ કરેલ ન હોય અને જો ચોકકસ સમયગાળાની કામગીરી લેવામાં આવેલ ન હોય તેમ છતાં જો ૨૪૦ દિવસ એક વર્ષમાં નોકરી બજાવી હોય તો તે રીટ્રન્ચમેન્ટ કે ડીસ્મીસલ ગણી શકાતી નથી. એટલે કે સદરકેસના રોજીંદા શ્રમયોગી પાસે ચોકકસ

પ્રકારની કામગીરી લેવામાં આવી હોય અને તે સમયગાળો પુરો થતા કામ આપવાનું બંધ કરેલ હોય તો તેમનો માલિક અને કામદાર તરીકેનો સંબંધનો આપોઆપ અંત આવી જાય છે. આમ, બીજા પક્ષકાર તેમના રેફરન્સમાં રજુ કરેલ માગણાના નિવેદનમાં જે દાદ માંગેલ છે તેમને મળી શકે નહીં અને રેફરન્સ રદ થવાને પાત્ર છે.

૫. હાલના કામે પક્ષકારો તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

૧. બીજા પક્ષકાર તરફે મૌખિક પુરાવો :–

૧	રવિભાઈ પ્રકાશભાઈ ગોહીલની સોગંદ પરની જુબાની	આંક–૨૦
૨	બીજા પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીશ	આંક–૨૧

૨. બીજા પક્ષકાર તરફે દસ્તાવેજી પુરાવો :–

૧	સુરત મહાનગરપાલીકાના કમીશનરે રોજીંદા કામદારોને તેની મુદૃત પુરી થાયએટલે તેઓને છુટા કરવા અને એકને એક કામદારને જે તે વવર્ષમાં ફરીથી રોકવામાં આવે નહિં તેની પૂરતી કાળજી લેવા બાબતે સૂચના આપતો પરિપત્ર નં. ૨૨૩ બહાર પાડેલ તેની નકલ. તા.૨૪/૦૪/૦૩	નિ. ૮/૧
૨	ઉપરોકત પરિપત્ર નં. ૨૨૩ માં સુધારો કરતો પરિપત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૫૮ તા. ૨૯/૦૯/૦૮	નિ.૮/૨

૩. પ્રથમ પક્ષકાર તરફે મૌખિક પુરાવો :–

૧	સાહેદ ભાઈલાલભાઈ જેસંગભાઈ બારીયાની સોગંદ પરની જુબાની	આંક–૨૨
૨	પ્રથમ પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીશ	આંક–૨૩

૪. પ્રથમ પક્ષકાર તરફે દસ્તાવેજી પુરાવો :–

૧	બીજા પક્ષકારની વર્ષ પ્રમાણે હાજરી દર્શાવતું પત્રક	નિ.૭/૧
૨	સંસ્થાનું એપ્રીલ–૨૦૦૯ નું હાજરી પત્રક, તા.૦૧/૦૪/૦૯ થી ૩૦/૦૪/૦૯	આંક–૧૩
૩	–એજન– મે–૨૦૦૯, તા. ૦૧/૦૫/૦૯ થી ૩૧/૦૫/૦૯	આંક–૧૪
૪	–એજન– જુન–૨૦૦૯, તા. ૦૧/૦૬/૦૯ થી ૩૦/૦૬/૦૯	આંક–૧૫
૫	–એજન–જુલાઈ–૨૦૦૯, તા. ૨૩/૦૭/૦૯ થી ૩૧/૦૭/૦૯	આંક–૧૬
૬	–એજન–ઓગષ્ટ–૨૦૦૯,તા.૦૧/૦૮/૦૯ થી ૦૬/૦૮/૦૯	આંક–૧૭
૭	–એજન– મે–૨૦૧૦, તા. ૦૧/૦૫/૧૦ થી ૩૧/૦૫/૧૦	આંક–૧૮
૮	–એજન– જુન–૨૦૧૦, તા. ૦૧/૦૬/૧૦ થી ૦૩/૦૬/૧૦	આંક–૧૯

૬. આ કામે બીજા પક્ષકાર તરફે શ્રી વિજય શેણમારે દલીલ કરતા જણાવે છે કે, આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હતા અને સંસ્થા તેઓને નોકરી સંદર્ભના કો ઈ પુરાવા આપતા ન હતા કે પગાર સ્લીપ આપતા નથી અને મીનીમમ વેજીસ પ્રમાણે પગાર ચુકવતા હતા. અને હાલના કામદારની કોઈ બેકડોર એન્ટ્રી કરેલ નથી ગુજરાત મ્યુનિ.એકટની કલમ–૫૩(૩) મુજબ નિમણુંક કરેલ છે. અને તેઓને સ્થાયી સમિતિની મંજુરી લીધા વિના તેઓને સતત કામે રાખી શકે છે. અને હાલના કામદારે સંસ્થામાં ૧ વર્ષ કામ કરેલ છે. અને કામદારને ૮૫ દિવસની કામ ગીરી બતાવવા માટે ખોટી રીતે વખતો વખત જણાવેલ છે. અને કામદારને જે કામગીરી માટે રાખવામાં આવેલ તે સતત ચાલતી કામગીરી છે. તેમાં સંસ્થાએ જાણી જોઈને બે નિમણુંક વચ્ચે બ્રેક રાખેલ છે. અને સને ૨૦૦૩ ના વર્ષમાં સંસ્થા જુના કામદારોને કામે રાખવાના નથી તે મુજબનો પરિપત્ર કાઢેલ અને આમ સંસ્થાએ અનફેર લેબર પ્રેકટીસ આચરેલ છે તથા મજૂર કાયદાનો ભંગ કરેલ છે.

અને કામદારોનું શોષણ કરી બિનકાયમી રીતે લાંબા સમય સુધી કામ લેવામાં આવે છે. અને કામદારો સંસ્થાને મળી રહેતા હોય કાયમી કામદારોની ભરતી કરતા નથી. અને ઈકવેલ વર્ક ઈકવલ પે ના નિયમનો ભંગકરેલ છે. તથા પ્રથમ પક્ષકાર સંસ્થાએ એવો બચાવ લીધેલ છે કે હાલના કેસમાં ૨(ઓઓ)(બીબી) લાગુ પડે છે પરંતુ ખરેખર તે લાગુ પડતો નથી અને કમદારે પોતાનું સ્ટેટમેન્ટ ઓફ કલેઈમ પુરવાર કરેલ હોય, તેઓને તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરી કામદાર/બીજા પક્ષકારનું ટર્મીનેટ ગેરકાયદેસર ગણી સંપૂર્ણ બેકવેજીસ સાથે પુન:સ્થાપિત કરવા અરજ કરેલ છે.

1. 2015- LLR-449-(SC)-Umarala Gram Panchayat v/s. The Secretsry, Municipal Employees Union & Ors.
2. 2002(1)GLR-755-Surat Mahila Nagrik Sahakari Bank Ltd.v/s.Mamtaben Mahendrabhai Joshi
3. સુરત મનપાના સેન્ટ્રો ઝોનના ઝોનલ ચીફનો અઠવાડીક રજા બાબતનો પરિપત્ર તા. ૯/૦૬/૨૦૧૧.
4. 1990-LEB.IC.-1463-(Raj.H,C.) Chaganlal v/s. Panchyat Samiti & Ors.
5. FLR-1993-(66)-297 (P.&H. HC) The Kurukshetra Central CO-OP Bank Ltd. v/s.State of Hariyana & Ors.

6. 2015-LLR-613 (D.HC) Delhi Tourisa & Transportation Development Corporation LTD. v/s. Prisiding Officer,Industrial Tribunal No.111 Delhi & Ors.

7. 1997-LLR-1136-(Bom.H.C.) Mahatma Phule Agricultural University & Ors. v/s. Nasik Zilla shet Kamgzr union & Ors.

8. 2006-III-LLJ-752-(Del.H.C.) Delhi Contonment Board a/s. Central Govt.Industrial Tribunal and Ors.

9. 2005-LLR-1095-(Bom.H.C.) Jaairaj N. Shetty v/s. Union of India.

૬/૧. આ કામે પ્રથમ પક્ષકાર તરફે વિધ્વાન વકીલશ્રી હર્ષદભાઈ પંડયા દલીલ કરતાં જણાવે છે કે,આ કામે કામદારને ચોકકસ મુદ્દત માટે કામગીરી માટે રાખવામાં આવેલ છે અને તેઓને રાખતી વખતે દરેક મજૂરશ કાયદાઓનું પાલન કરવામાં આવેલ છે. કામદાર તરફે કાયદાનો ભંગ કરવામાં આવે છે તેવી રજુઆત કરવામાં આવી છે તે ખોટી છે. અને તેથી તેવી હકિકતો ધ્યાને લઈ શકાય નહિં. તથા કામદારની નિમણુંક ચોકકસ સમય માટે કરવામાં આવી હોય તેમને કલમ–૨(ઓઓ)(બીબી) પ્રમાણે કામગીરીનો સમયચ પૂર્ણ થતાં તેમની નોકરીનો અંત આવેલ છે. તેઓને છુટા કરેલ નથી તેથી તેને ટર્મીનેશન કહી શકાય નહિં. અને કામદારે ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કરેલાનું પુરવાર કરેલ ન હોય કામદારનો રેફરન્સ રદ્દ થવાને પાત્ર છે. તેઓએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(૧) 1997 (76) FLR 237 (S.C.) હિમાન્શુકુમાર વિદ્યાર્થી અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ બીહાર અને બીજાઓ.

(૨) 1999 LLR 439 (ALL H.C.) સ્ટેટ ઓફ યુપી વિરુધ્ધ લેબર કોર્ટ, હલ્ડવાણી અને બીજાઓ.

(૩) 2002 LLR 339 (S.C.) ધી રેન્જ ફોરેસ્ટ ઓફીસર વિરુધ્ધ એસ.ટી.હદીમની.

(૪) 2004 LLR 692 (JAR H.C.) મેનેજમેન્ટ ઓફ રીજયોનલ ડાયરેકટર એનીમલ હસ્બન્ડરી ડીપાર્ટમેન્ટ, રાંચી વિરુધ્ધ જમીનઅખ્તર અને બીજાઓ.

(૫) 2005 (104) FLR 65 (ALL H.C.) નગર પંચાયત ગજરાઉલા, મોરાદાબાદ વિરુધ્ધ પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, રામપુર અને બીજાઓ.

(૬) 2006 (III) CLR 305 (GUJ H.C.) પ્રતાપજી નાથાજી ઠાકોર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ.

(૭) 2007 (115) FLR 676 (S.C.) સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ પંચાયત વિરુધ્ધ ડાહ્યાભાઈ અમરસિંહ.

(૮) 2008 LLR 600 (PATNA H.C.) સંજયકુમાર તિવારી અને બીજાઓ વિરુધ્ધ ધી સ્ટેટ ઓફ બીહાર અને બીજાઓ.

(૯) 2011 LLR 10 (DEL) જવાહરલાલ નહેરુ યુનીવર્સીટી વિરુધ્ધ શ્રી ડી.કે.પાંડે.

(૧૦) 2004 LLR 1022 (S.C.) મ્યુનિસિપલ કોર્પોરેશન, ફરીદાબાદ વિરુધ્ધ સીરી નિવાસ.

૭. બંને તરફેના રજુ પુરાવા, જવાબો અને દલીલો ધ્યાને લઈ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ :–

(૧) શું બીજા પક્ષકાર સાબીત કરે છે કે, તેઓએ પ્રથમ પક્ષકારને ત્યાં કામ કરી પાછલા વર્ષમાં ર૪૦ દિવસ કે તેથી વધુ સળંગ કામગીરી કરેલ છે ?

(ર) શું બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે તા. ૧૬–૦૬–૧૦ના રોજ છુટા કરેલ જે પગલુ ગેરકાયદેસર છે ?

(૩) શું બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા હકદાર છે ?

(૪) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

જવાબ :–

(૧) નકારમાં

(ર) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ

<u>કારણો :–</u>

૭. **<u>મુદ્દા નં. ૧ અને ર:</u>**

૭.૧ આ કામે મુદ્દા નં. ૧ અને ૨ પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોય સરળતા ખાતર આ બંન્ને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

૭.૨ બીજા પક્ષકાર કામદારે તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં આંક–૨૦ થી સોગંદનામા પર સરતપાસ રજુ કરેલ જેમાં તેઓ તેમની માંગણાના નિવેદનની હકીકતને વળગી રહે છે અને તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોય તેઓનું ટર્મીનેશન રદ કરવા જણાવે છે. સામાપક્ષે કામદારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ એ વાત કબુલ કરે છે કે, તેઓને જેટલા દિવસો નોકરીએ રાખતા તેની હાજરી પુરી તેટલો પગાર આપવામાં આવતો હતો. અને તેઓએ કોઈ સરકારી અધિકારીને કે સમજૂર અધિકારીને લેખીત ફરીયાદ કરેલ નથી કે તેઓ કાયમી કર્મચારી હોય તેવું બતાવવા કોઈ પ્રમાણપત્ર તેમની પાસે નથી. તથા આ કામે આંક–૧૨ થી રજુ કરવામાં આવેલ હાજરી પત્રક બતાવતા તેમના નામની સામે તેમની હાજરીને ઓળખી બતાવે છે અને તેમને બતાવેલ દિવસોને તેઓ નકારી કાઢે છે.

૭.૩. આ કામે સંસ્થા તરફે આંક–૨૨ થી તેમના સાક્ષીનું સોગંદનામું રજુ કરેલ છે તેમાં તેઓ તેમના જવાબમાં રજુ કરેલ હકિકતને વળગી રહે છે અને તેમની કામદાર તરફે વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓ એ વાત કબુલ રાખે છે કે,તેઓ ૨૦૦૯ થી ૨૦૧૦ માં રાંદેર ઝોનમાં ન હતા અને હાલના કામદારે તેમના હાથ નીચે કામ કરેલ નથી. તથા પમ્પીંગ સ્ટેશનનું કામ સતત ચાલતુ રહે છે.

૮. આ કામે બંન્ને પક્ષકારોની તકરાર જોઈએ તો, તેમાં બીજા પક્ષકાર/કામદાર એવી હકિકત સાથે આવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઘણાં સમયથી કામ કરે છે. અને ૨૪૦ થી વધું દિવસો કામ કરેલ છે.અને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. જયારે પ્રથમ પક્ષકાર સંસ્થાએ એવો બચાવ લીધેલ છે કે, બીજા પક્ષકાર કામદારને ચોકકસ કામ માટે ચોકકસ સમય માટે નોકરીમાં લીધેલ છે. અને તે નોકરીનો સમય પુરો થતાં તેમની કામગીરી પૂર્ણ થયેલ છે તેથી તેઓને ટર્મીનેટ કરેલ હોયતેમ કહીશકાય નહિં. તથા તેઓએ ૨૪૦ થી વધુ કામ કરેલાનું પુરવાર થતું નથી.

૯. આ કામે બંન્ને પક્ષકારોની તકરાર ધ્યાને લઈએ તો, બીજા પક્ષકાર કામદાર એવી હકિકત સાથે આવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં એક વર્ષ કામ કરેલ છે અને તેઓને નોકરીનો સમયગાળો ચોખ્ખો હોવા છતાં કોઈપણ જાતના કારણ વગર પ્રથમ પક્ષકારે તેઓને તા. ૧૬/૦૬/૨૦૧૦ ના રોજ બચાવની તક આપ્યા વિના નોકરીમાંથી છુટા કરેલ છે. તેની સામે પ્રથમપક્ષકાર સંસ્થા એવા બચાવ સાથે આવેલ છે કે, બીજા પક્ષકારને ચોકકસ સમયમાટે ચોકકસ પ્રકારના કામ માટે હંગામી ધોરણે કામ કરવા રોજિંદા કામદાર તરીકે રાખવામાં આવેલ અને તેઓના કામની મુદૃત પુરી થતાં બંધ થયેલ તેથી તેમની નોકરીનો અંત આપોઆપ આવેલ અને તેને ટર્મીનેશન કહી શકાય નહિં. આ કામે રજુ પુરાવાઓ ધ્યાને લઈએ તો, સંસ્થાએ આંક–૧૩થી એપ્રીલ–૨૦૦૯ નું હાજરીપત્રક રજુ કરેલ છે તેમાં બીજા પક્ષકાર કામદારે ૧૭ દિવસ,આંક–૧૪ થી

મે–૨૦૦૯ માં ૨૦ દિવસ, આંક–૧૫ થી જુન–૨૦૦૯ માં ૧૭ દિવસ,આંક–૧૬ થી જુલાઈ–૨૦૦૯ માં ૭ દિવસ,આંક–૧૭ થી ઓગષ્ટ–૨૦૦૯ માં ૫ દિવસ, આંક–૧૮ થી મે–૨૦૧૦ માં ૨૪ દિવસ, આંક–૧૯ થી જુન–૨૦૧૦ માં ૩ દિવસ કામ કરેલ છે સદર રજુ પુરાવો હાજરી પત્રકને કામદારે પડકારેલ નથી તથા કોઈ યોગ્ય ખુલાસો કરેલ નથી. આ બાબતે તેમની ઉલટ તપાસ કરવામાં આવતાં તેઓએ તેને નકારી કાઢી પુરો મહીનો કામ કરેલાનું જણાવેલ છે. પરંતુ સંસ્થાએ રજુ કરેલ પુરાવાનું ખંડન કરી શકેલ નથી. તેથીતેને ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં બીજા પક્ષકારે કામ કર્યા બાબતે હાજરી પુરી કામના પ્રમાણે પગાર આપવામાં આવતો હતો તે વાત કબુલ રાખેલ છે. અને આ કામે કમિશ્નરશ્રીએ કામદારને ચોકકસ સમય મર્યાદા માટે રાખેલ છે અને આ સમય મર્યાદા પુર્ણ થતાં કામદારની નોકરીનો અંત આવેલ છે. અને તે સમયે કામદારે કોઈ સરકારી અધિકારીને આ બાબતે ફરીયાદ કરેલ હોય તેવું રેકર્ડ પર આવેલ નથી. તથા આ કામે સંસ્થા તરફે રજુ હાજરી પત્રક ધ્યાને લઈએ તો, તેમાં પણ કામદારે સળંગ ૨૪૦ દિવસ થી વધુ કામ કરેલ હોય તેવું પુરવાર થતું ન હોય આ કામે કામદાર તરફે

(1) 2015-LLR-449-(SC)-Umarala Gram Panchayat v/s. The Secretsry, Municipal Employees Union & Ors. નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે.તે માનસહ: વંચાણેલેતાં સદર જજમેન્ટમાં ઈકવલ વર્ક ઈકવલ પે બાબતનો હોય અને તે હાલની તકરારની અલગ હોય લાગુ પાડી શકાય નહિં. તથા

(2) 2002(1)GLR-755-Surat Mahila Nagrik Sahakari Bank Ltd.v/s.Mamtaben Mahendrabhai Joshi તથા

(3) 2015-LLR-613 (D.HC) Delhi Tourisa & Transportation Development Corporation LTD. v/s. Prisiding Officer,Industrial Tribunal No.111 Delhi & Ors તથા

(4) 1997- LLR-1136-(Bom.H.C.) Mahatma Phule Agricultural University & Ors. v/s. Nasik Zilla shet Kamgzr union & Ors. તથા

(5) 2006-III-LLJ-752-(Del.H.C.) Delhi Contonment Board a/s. Central Govt.Industrial Tribunal and Ors.નો ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે તે માનસહ: વંચાણે લેતા તેમાં કામદારે ૨૪૦ દિવસ કેતેથી વધુ કામ કરેલાનું પુરવાર કરેલ ન હોય તે હાલની હકિકતથી અલગ હોય તે આ કામે લાગુ પાડી શકાય નહિં. તથા

(6) 1990-LEB.IC.-1463-(Raj.H,C.) Chaganlal v/s. Panchyat Samiti & Ors. તથા

(7) FLR-1993-(66)-297 (P.&H. HC) The Kurukshetra Central CO-OP Bank Ltd. v/s.State of Hariyana & Ors. નો ચુકાદો રજુ કરેલ છે. તેમાં ૨૪૦ દિવસોની ગણતરીમાં રવિવાર તથા રજા ગણવાની રહે છે તે મુજબનો છે. આ કામે રજુ હાજરી પત્રક જોતાં તેઓને મળવાપાત્ર રજાની ગણત્રી કરતાં ૨૪૦ દિવસ કરતા

વધુ દિવસો સળંગ નોકરી કર્યાનું પુરવાર થતું નથી. આથી આ ચુકાદો આ કામે લાગુ પાડી શકાય નહિં.

૯.૧ પ્રથમ પક્ષકારે રજુ કરેલા ચુકાદાઓ માનસહ વંચાણે લેવામાં આવેલ છે તેમાં નામદાર સુપ્રીમકોર્ટ તથા વડી અદાલતોએ પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો નીચે મુજબ છે.

(1) 1997 (76) FLR 237 (S.C.) હિમાંશુકુમાર વિદ્યાર્થી અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ બીહારના ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે કામદારની નિમણુંક ભરતી પ્રક્રિયા પ્રમાણે નિયમોનુસાર કાર્યવાહી કરી કરેલ ન હોય અને તેને કામની જરુરીયાત મુજબ રાખી હંગામી ધોરણે રોજીંદા બેલદાર તરીકે કામ કરેલ હોય અને કામગીરી પુર્ણ થતાં કામ બંધ કરાવેલ હોય ત્યારે તે ફરીથી તે જગ્યાએ નોકરીની માંગણી કરી શકે નહીં અને તેવા કેસ આઈ.ડી.એકટ મુજબનો વિવાદ ગણી શકાય નહીં.

(2) 1999 LLR 439 (Allahabad) સ્ટેટ ઓફ યુપી વિરુધ્ધ લેબર કોર્ટ, હેલ્ડવાણી અને બીજાઓના ચુકાદામાં નામદાર અલ્હાબાદ વડીઅદાલતે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે કામદાર ડે ટુ ડે કામગીરી ડેઈલી વેજથી કરતો હોય ત્યારે કામ પરથી છુટો કરવાથી તેની છટણી કરેલ હોવાનું કહી શકાતુ નથી અને ૨૫–એફ નો ભંગ થતો નથી.

(3) 2002 LLR 339 (SC) ધી રેન્જ ફોરેસ્ટ ઓફીસર વિરુધ્ધ એસ.ટી.હદીમનીના ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, આઈ.ડી.એકટની

કલમ ૨૫–એફ નો લાભ મેળવવા માટે કામદારે તે અગાઉના બાર માસ દરમ્યાન ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કરેલ હોવુ જોઈએ તેવુ કામદારે પુરવાર કરવુ પડે અને તે માટે કામદારે પગાર સ્લીપ નિમણુંકપત્ર કે અન્ય કોઈ હુકમનો પુરાવો રજુ કરેલ નહીં પરંતુ માત્ર પોતાના કથન અંગેનુ સોગંદનામુ રજુ કરેલ જે ૨૪૦ દિવસ કામ કર્યાનુ સાબીત કરવા પુરતો પુરાવો ગણી શકાય નહીં.

(4) 2004 LLR 692 (Zarkhand H.C.) મેનેજમેન્ટ ઓફ રીજયોનલ ડાયેરકટર, એનીમલ હસબન્ડ્રી ડીપાર્ટમેન્ટ, રાંચી વિરુધ્ધ જામીલ અખ્તર અને બીજાઓના ચુકાદામાં નામદાર ઝારખંડ વડીઅદાલતે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે કામદાર ડેઈલ વેજરથી કામ કરતો હોય અને તેની નિમણુંક કોઈ જાહેરાતના આધારે કરાયેલ ન હોય ત્યારે તે કલમ ૨૫–એફ નું રક્ષણ મેળવી શકે નહીં.

(5) 2005 (104) FLR 65 (Allahabad) નગર પંચાયત ગજરોલા મુરાદાબાદ વિરુધ્ધ પ્રિસાઈડીંગ ઓફીસર લેબર કોર્ટના ચુકાદામાં નામદાર અલ્હાબાદ વડીઅદાલતે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે કામદાર ડેઈલી વેજરથી કામ કરતો હોય ત્યારે તે જગ્યાએ પુન: નોકરીનો કામદારનો કોઈ રાઈટ નથી.

(6) 2006 (III) CLR 305 (Gujarat) પ્રતાપજી નાથાજી ઠાકોર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓના ચુકાદામાં નામદાર ગુજરાતની વડીઅદાલતે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, કામદાર નકલ કારકુન તરીકે ૨૦ વર્ષથી કામ કરતો હતો પરંતુ તે મંજુર થયેલ પોસ્ટ ઉપર ન હતો અને રુલ્સ પ્રમાણે તેનુ સીલેકશન થયેલ નહીં તેથી

લાંબા સમયગાળા સુધી નોકરી કરવાથી તેને કાયમી કામદાર તરીકેનો હક મળી જતો નથી.

(7) 2007 (115) FLR 676 (S.C.) સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ પંચાયત વિરુધ્ધ ડાહ્યાભાઈ અમરસીંગના ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે આઈ.ડી.એકટની કલમ ૨૫–એફ નો લાભ મેળવવા માટે કામદારે તે અગાઉના બાર માસ દરમ્યાન ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કરેલ હોવુ જોઈએ. તેવુ કામદારે પુરવાર કરવુ પડે અને તે માટે કામદારે કોઝન્ટ પુરાવા રજુ કરવા જોઈએ. અરજીમાં કે એફીડેવીટમાં જણાવવા માત્રથી ૨૪૦ દિવસ કામ કર્યાનું સાબીત થયેલુ ગણી શકાય નહીં.

(8) 2008 LLR 600 (Patna) સંજયકુમાર તિવારી વિરુધ્ધ સ્ટેટ ઓફ બીહારના ચુકાદામાં નામદાર પટના વડીઅદાલતે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે આઈ.ડી.એકટની કલમ ૨૫–એફ નું રક્ષણ મેળવવા કામદારે અગાઉના બાર માસ દરમ્યાન ૨૪૦ દિવસ કામ કરેલ હોવુ જોઈએ. કામદાર રોજમદાર હોય તો તેનો કલમ ૨(ઓઓ) માં નહીં પરંતુ કલમ ૨(બીબી) માં સમાવેશ થાય છે અને તેવા કામદાર ઔદ્યોગિક વિવાદ ઉભો કરી શકે નહીં અને તેઓ કલમ ૨૫–એફ નો લાભ મેળવી શકે નહીં.

(9) 2011 LLR 10 (Delhi) જવાહરલાલ નહેરુ યુનીવર્સીટી વિરુધ્ધ ડી.કે.પાંડેના ચુકાદામાં નામદાર દિલ્હી વડી અદાલતે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, કરાર

આધારીત નિમણુંક આપેલ હોય અને તે કરારની શરત અનુસાર કામ પુર્ણ થયા બાદ કામદાર તે જગ્યાએ પુન: નોકરીનો કલેઈમ કરી શકે નહીં.

(10) 2004 LLR 1022 (S.C.) મ્યુનીસીપલ કોર્પોરેશન, ફરીદાબાદ વિરુધ્ધ સીરી નિવાસના ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ આઈ.ડી.એકટને લાગુ પડતી નથી અને કામદારે છુટા કર્યાના અગાઉના બાર માસ દરમ્યાન ૨૪૦ દિવસ કામ કરેલ છે તેવુ સાબીત કરવાની જવાબદારી કામદારની છે અને તે સાબીત કરવા કામદારે કોઈને સાક્ષી તરીકે તપાસેલ ન હોય ત્યારે તે કામદાર કલમ ૨૫–એફ નો લાભ મેળવી શકે નહીં. બીજા પક્ષકારે ૨૪૦ દિવસ સળંગ કામ કરેલ હોય તેવુ સાબીત થતુ નથી. જેથી બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કામ કરેલ ન હોવાથી અને તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થાના કાયમી કર્મચારી ન હોય તે સંજોગોમા તેમને છુટા કરવાનો કોઈ લેખીત હુકમ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને એ રીતે મ્યુ. કમીશનરશ્રીએ બહાર પાડેલ ઓફીસઓર્ડર પ્રમાણે કામગીરી અંગેનો ચોકકસ સમયગાળો પુરો થયા બાદ કામગીરી લેવાની પ્રથમ પક્ષકાર સંસ્થાએ બંધ કરેલી હોય તે સંજોગોમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨૧/૦૮/૨૦૧૦ ના રોજ મૌખિક હુકમથી ગેરકાયદેસર છુટા કરેલ હોવાનુ પુરવાર કરવામાં બીજા પક્ષકાર નિષ્ફળ ગયેલા હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. તથા આ કામે કામદારને સંસ્થા ધ્વારા ચોકકસ સમય માટે નિમણુંક કરવામાં આવેલ હતી અને તે બાબતનો પરિપત્ર પણ આ કામે રજુ ગયેલ છે અને કામદાર તેઓની જે કામગીરી

કરતા તેની હાજરી ભરી તે પ્રમાણે પગાર ચુકવવામાં આવતો હતો તે વાત કબુલ રાખેલ છે. તે જોતાં આઈ.ડી. એકટની કલમ–૨(ઓઓ)(બીબી) ધ્યાને લઈએ તો,

<u>કલમ ૨૫ (એફ) :–</u>

જે વ્યકિત કાયમી કામદાર હોય અને તેની છટણી કરી હોય તો તે છટણી કરતા પહેલા કલમ ૨૫(એફ)માં જણાવેલ જોગવાઈનું પાલન કરેલ હોવુ જોઈએ અને જો આ કામદાર કાયમી ન હોય તો તેને તેઓને છુટા કર્યા અગાઉના વર્ષમાં સળંગ ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કરેલાનું પુરવાર કરવુ પડે જેથી આ કામે આઈ.ડી.એકટની કલમ ૨૫(બી) ધ્યાને લઈએ તો

<u>કલમ ૨૫ (બી) :–</u>

આ કલમ ધ્યાને લઈએ તો કામદારે પોતે કાયમી કામદાર અથવા સામાવાળા સંસ્થામાં ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કરેલાનું પુરવાર કરવુ પડે અને જો તે કાયમી કામદાર અથવા અગાઉના વર્ષમાં ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કરેલાનું પુરવાર કરે તો સંસ્થાએ કામદારને છુટા કરતા પહેલા આઈ.ડી.એકટની ૨૫(એફ)ની જોગવાઈનું ફરજીયાતપણે પાલન કરવાનું રહે છે અને જો તે પાલન કરવામાં આવ્યુ હોય તો કામદારને છુટા કરવામાં આવેલ હોય તે હુકમ ગેરકાયદેસર ગણી શકાય.

<u>કલમ–૨(ઓઓ)</u> :

''છટણી'' એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ,પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(એ) કામદારની સ્વૈચ્છાપુર્વકની નિવૃત; અથવા

(બી) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમા તે માટે શરત હોય તો નિવૃતિ વયે પહોંચતાં કામદારની નિવૃતિ, અથવા

<u>(બીબી)</u>

માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરી સમાપ્તિ, અથવા

(સી) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ;

(ડી) ભારત સરકારે એવી રીતે જાહેર કરેલ ખાસ આર્થિક ઝોનમાં આવેલ ઔદ્યોગિક સંસ્થામાં કામદારની નોકરીની સમાપ્તિ;

ઉપરોકત હકિકત તથા પુરમાવાઓ ધ્યાને લેતાં તેમની નિમણુંક ૮૫ દિવસ માટે થયેલી હતી તેને તેમની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે. તે જોતાં સંસ્થા ધ્વારા કામદારને ચોકકસ સમય માટે કામે રાખેલ હોય અને તે સમય પૂર્ણ થતાં તેમની નોકરીનો અંત આવે છે.તે સંજોગોમાં સંસ્થાએ તેમને ગેરકાયદેસર ટર્મીનેટ કર્યા હોય તેવું માની શકાય તેમ ન હોય મુદ્દા નં. ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

<u>મુદ્દા નં. ૩</u>

૧૦. આ કામે મુદ્દા નં. ૩ તરીકે કામદાર/બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા કે કેમ તે મુજબનો મુદ્દો ઘડવામાં આવેલ છે. પરંતુ કામદારે સંસ્થામાં ૨૪૦ દિવસ કે તેથી વધુ કામ કરેલાનું પુરવાર કરી શકેલ ન હોય અને તેઓનું કામ પુરૂ થઈ ગયેલ હોય તેઓને ગેરકાયદેસર ટર્મીનેટ કર્યાનું માની શકાય નહિં. અને મુદ્દા નં.૧ અને ૨ નો નિર્ણય નકારમાં આવતો હોય બીજા પક્ષકાર/કામદાર પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર થતા ન હોય મુદ્દા નં. ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

૧. બીજા પક્ષકારનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.

૨. હાલનો ચુકાદો ઔદ્યોગિક તકરાર ધારાની કલમ ૧૭(૧) મુજબ સમુચિત સરકારને પ્રસિધ્ધ કરવા મોકલવો.

૩. ખર્ચ અંગે હુકમ નથી.

સુરત.
તા.૦૭/૦૪/૨૦૧૮

(રાજેશકુમાર મોહનભાઈ કલોત્રા)
પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત.
U.I.C.NO.GJ01035